(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારાની કલમ ૪, ૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓ તર્ફે સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીઓની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીઓને સાંભળતા આરોપીઓ ને આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપીઓ વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

"**હુકમ**"

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીઓ ને ધી જુગાર ધારાની કલમ ૪, ૫ મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી દરેક આરોપીને રૂપિયા ૮૦૦/– અંકેરૂપિયા આઠસો પુરા દંડ ભરવાનો કુલ મળી રૂપિયા ૪૦૦૦/– અંકે ચાર હજાર પુરા તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. સદર આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદ્દામાલ પૈકી મોબાઈલ ફોન તથા મોટરસાયકલ બાબત જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા માલિકની ખરાઈ કરી પરત કરવો તેમજ સદર આરોપીઓ પાસેથી કબજે લીધેલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી, બાકીના મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ.

**(પી.બી.નાયક)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૮૭૪.